# અહેવાલ

તારીખ:- 09/12/2023

સ્થળ:- વાંસદા

ગુજરાત સરકાર દ્વારા પ્રી-વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત 07/12/2023 નાં રોજ હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે 'startup conclaue-2023'નું આયોજન તા.07/12/2023 થી 10/12/2023 સુધી રાખવામાં આવેલ હતું. આ પોગ્રામ જોવા માટે તા. 09/12/2023 ના રોજ સરકારી બી.એડ્. કોલેજ,વાંસદાના F.Y.B.ED. ના 41 અને S.Y.B.ED ના 7 એમ કુલ 48 તાલીમાર્થીઓ અને 4 અધ્યાપકશ્રીઓએ ભાગ લીધો હતો. ભવિષ્યના ઉપયોગને લગતો આ કાર્યક્રમ ખૂબ જ સારો અને નિર્ણાયક સાબિત થયો હતો. સૌ પ્રથમ તો પ્રવાસદ્વાર પર QR કોડ સ્કેન કરીને એન્ટ્રી આપવામાં આવી હતી. ત્યારબાદ અંદર વિજ્ઞાનના વિષયો સંદર્ભે લોકોના નવા-નવા વિચારોના સંદર્ભમાં સ્ટાર્ટઅપ જોવા મળ્યા હતા.જેમાં એગ્રીકલ્ચર, ઓટોમોબાઇલ, મેડીકલ, મિકેનિકલ, ફાર્મિંગના સંદર્ભો જોવા મળ્યા હતા. આ startup conclaue ભવિષ્યની ઝાંકી બતાવતા પોગ્રામ હતો. આ મુલાકાત દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા. તેમની ઘણી સુરક્ષા સહિત સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવમાં જુદા-જુદા ઘણા વિભાગો હતા અને આ વિભાગોમાં સરકાર માન્ય એવા કેટલાય પ્રોજેક્ટ્સ જોવા મળ્યા હતા. આ મુલાકાત અમારા માટે સાચે પ્રેરણાદાયી સાબિત થયો.




